ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

નં.એકેડેમિક/ ૬૦૪૮૯/૨૦૨૪ તા.૨૭ -૦૨-૨૦૨૪

**પરિપત્ર :**

આ યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કોમર્સ,સાયન્સ અને બી.બી.એ.,બી.સી.એ.નો કોર્સ ચલાવતી અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાની કોલેજોના ટ્રસ્ટીશ્રીઓ/આચાર્યશ્રીઓ/ડાયરેકટરશ્રીઓ તરફ.............

વિષય : શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી શરૂ થનાર નવા સત્ર માટે NEP-2020 અંતર્ગત બી.એસ.કોર્સમાં તબદીલ થવા અંગે.

બહેનશ્રી/શ્રીમાન,

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી NEP-2020 અંતર્ગત ગુજરાત યુનિવર્સિટી ચાર(૪) વર્ષનો બી.એસ. કોર્સ શરૂ કરવા કાર્યવાહી કરી રહેલ છે જેમાં હાલમાં જે કોલેજો ગુજરાત યુનિવર્સિટીનું જોડાણ ધરાવે છે તેવી કોલેજોએ અરજી કરવાની રહેશે. અરજી સમયે નીચેની બાબતો ધ્યાને લેવા વિનંતી.

૧. આપની સંસ્થામાં હાલમાં ચાલતા આર્ટ્સ, કોમર્સ,સાયન્સ અને બી.બી.એ.,બી.સી.એ. કોર્સને બી.એસ.કોર્સમાં તબદીલ કરવા ફરજીયાત નથી જેની નોંધ લેશોજી
૨. બી.એસ.કોર્સમાં હાલમાં આપની કોલેજ/ઈન્સ્ટીટ્યુટમાં જે તે કોર્સના ડીવીઝન છે તે મુજબ જ રહેશે તેમાં વધારો કે ઘટાડો થશે નહીં જેની નોંધ લેશોજી.
૩. બી.એસ.કોર્સમાં તબદીલ થનાર સંસ્થાઓએ NEP-2020 મુજબ ૩(ત્રણ) વર્ષ બી.એસ. તથા ૪થું વર્ષ બી.એસ.(ઓનર્સ)નો કોર્સ ચલાવવાનો રહેશે.
૪. બી.એસ.કોર્સમાં તબદીલ થનાર સંસ્થા/ઈન્સ્ટીટ્યુટમાં ઓછામાં ઓછી બે(૨) પી.એચ.ડી.કરેલ ફેકલ્ટી જરૂરી છે, તથા આ ફેકલ્ટીને પી.એચ.ડી.ની ગાઈડશીપ લેવા માટેની વ્યવસ્થા ગુજરાત યુનિવર્સિટી ધ્વારા કરવામાં આવશે.
૫. હાલમાં ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજ/ઈન્સ્ટીટ્યુટના જે વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ગુજરાત યુનિવર્સિટી ખાતે થયેલ છે તેમને આ પરિપત્ર લાગુ પડશે નહીં જેની નોંધ લેવા વિનંતી.
૬. આપની કોલેજ/ઈન્સ્ટીટ્યુટને લગતી માહિતી https://forms.gle/ANUxo9L8EG8H5ujr5 ઉપર મુજબની લીન્કમાં આપેલ ગુગલ ફોર્મમાં ભરી ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રી/ડાયરેકટરશ્રીના સહી-સિક્કા સાથે ફોરવર્ડીંગ લેટર સાથેની હાર્ડ કોપી ગુજરાત યુનિવર્સિટી ખાતે તા.૦૨-૦૩-૨૦૨૪ સુધીમાં જમા કરાવવાની રહેશે.

આભાર સહ.

આપનો વિશ્વાસુ
-SD-
કુલસચિવ